## શ્રી જૈન વિશા શ્રીમાળી ૧૦૮ના ગોળનું યુવક મંડળ અમદાવાદ

Website :
**www.108samaj.org.**
**E-mail : info@108samaj.org**
**વર્ષ : ૧૨ અંક : ૪૮**
**January - 2016**
**Published Printed & Edited by Shree B. M. Shah on behalf of Shree Jain Visha Shrimali 108 na Gol nu Yuvak Mandal, Ahmedabad.**



### • ટ્રસ્ટી મંડળ •

| | | |
|---|---|---|
| ભૂપેન્દ્ર એમ. શાહ | - | ધિણોજ |
| કપુરભાઈ આર. શાહ | - | લીંચ |
| જયકુમાર સી. શાહ | - | આસજોલ |
| અતુલ એમ. શાહ | - | કૈયલ |
| ડૉ. નવીન એસ. શાહ | - | અંબાસણ |

### • વહીવટી મંડળ •

| | | |
|---|---|---|
| પ્રમુખ | - ભૂપેન્દ્ર એમ. શાહ | - ધિણોજ |
| ઉપપ્રમુખ | - બીપીન બાબુભાઈ શાહ | - કૈયલ |
| મંત્રી | - ચંદ્રકાન્ત ટી. શાહ | - મોટીદાઉ |
| સહમંત્રી | - અશોક બી. શાહ | - છઠિયારડા |
| ખજાનચી | - ઉદય આઈ. શાહ | - ધોળાસણ |

### • કારોબારી સમિતિ •

| | |
|---|---|
| ૧. ભાવિન નલીનભાઈ શાહ | - લાંઘણજ |
| ૨. ગોવિંદ નટવરલાલ શાહ | - લણવા |
| ૩. હર્ષદ બાબુલાલ શાહ | - લણવા |
| ૪. કમલેશ કાંતિલાલ શાહ | - ધિણોજ |
| ૫. કલ્પેશ બચુભાઈ શાહ | - ધોળાસણ |
| ૬. ડૉ. કેતન વિનોદચંદ્ર શાહ | - લીંચ |
| ૭. પરેશ સુબોધભાઈ શાહ | - ધોળાસણ |
| ૮. પંકજ વીસાભાઈ શાહ | - લાંઘણજ |
| ૯. પીનલ અજીતભાઈ શાહ | - રાસમ |
| ૧૦. પ્રદીપ અનંતભાઈ શાહ | - કંથરાવી |
| ૧૧. ડૉ. પ્રણવ નિર્મળભાઈ શાહ | - લીંચ |
| ૧૨. રૂપલ દિલીપભાઈ મહેતા | - છઠિયારડા |
| ૧૩. સમીર પ્રવિણચંદ્ર શાહ | - પાંચોટ |
| ૧૪. સિધ્ધાર્થ નીતિનભાઈ મણિયાર | - મહેસાણા |
| ૧૫. તેજસ જીતેન્દ્રકુમાર શાહ | - લીંચ |
| ૧૬. વિરલ લાલભાઈ શાહ | - ધિણોજ |


# સંપાદકીય

સુજ્ઞ જ્ઞાતિજનો,

અત્યંત દુઃખ સાથે જણાવું છું કે, આપણા સમાજના મુખપત્ર ''સંસ્કાર જ્યોત'' નો આ છેલ્લો અંક પ્રાયઃ હશે કેમ કે હવે પછી ''સંસ્કાર જ્યોત''નું પ્રકાશન બંધ કરવું તેવો નિર્ણય કારોબારીમાં લેવામાં આવ્યો છે. સમાજના સભ્યોને હજુ એ મારી નમ્ર વિનંતી કે, આપ સૌ ''સંસ્કાર જ્યોત''ને વાંચન સામગ્રીથી ભરપૂર બનાવવા આપનો સાથ આપશો. હાલમાં ''સંસ્કાર જ્યોત''ના પ્રકાશનમાં એક પ્રેકટીકલ સમસ્યા એ પણ છે કે, લેખોનું સંકલન, સમાજને લગતી માહિતી અને પ્રુફ રીડીંગ કરવામાં સ્વેચ્છાએ કોઈ અમારી સાથે રહીને યોગદાન આપવા તૈયારી દર્શાવે તો હજીયે મારી ઈચ્છા છે કે ''સંસ્કાર જ્યોત''નું પ્રકાશન ચાલુ રાખીએ.

તા. ૧૩-૬-૨૦૧૫ના દિવસે સમાજની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન એ.જી. ટીચર્સ સ્કુલ પટાંગણમાં રાખવામાં આવ્યું હતું સાથે સાથે સભ્યોની હાજરી વધુને વધુ રહે તે આશયથી ટેલેન્ટ ઈવનીંગનું આયોજન કર્યું હતું. સમાજના યુવા વર્ગે કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો. વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમનું આયોજન થયું. કારોબારી સભ્યશ્રી ડૉ. પ્રણવ શાહ અને બીજા કારોબારી સભ્યોએ સાથે મળી સુંદર આયોજન કર્યું. સાથે સાથે આપણે અલ્પાહાર પણ રાખ્યો. સૌને કાર્યક્રમની ભાગીદારી મળે તેવું આયોજન ખરેખર પ્રશંસનીય હતું.

ચાલુ સાલમાં તપસ્વી બહુમાન, સંવત્સરીક ક્ષમાપન અને તપસ્વીઓના પારણાનો ત્રિવેણી કાર્યક્રમ બહુ જ ઉલ્લાસપૂર્વક આપણએ સૌએ સાથે મળીને ઉજવ્યો. આ બહુમુલા સમારોહને સફળ બનાવવામાં સમાજના સૌ સભ્યોનો સાથ અને સહકાર મળ્યો.

ખાસ તો વાર્ષિક દાતાશ્રીઓ અને પ્રસંગના લાભાર્થીઓએ જે રીતે ઉદાર હાથે યોગદાન આપ્યું તે ખરેખર અનુમોદનીય છે. ભવિષ્યમાં પણ આ રીતે અમોને સૌનો સહકાર મળતો રહેશે જ એવો અમારી આશા છે.

રૂા. ૫૦૦૦ ના વાર્ષિક ફંડમાં અમારી અપેક્ષા કરતાં પણ વધુ સભ્યોએ યોગદાન આપ્યું છે, આ વાર્ષિક ફંડનો આપણે સમગ્ર વર્ષ દરમિયાન યોજાનાર કાર્યક્રમોમાં વાપરીએ છીએ, ઉપરાંત સધાર્મિક સહાયમાં પણ વધુ સભ્યોને લાભ આપી શકીએ છીઅ તો મારી સુજ્ઞ જ્ઞાતિજનોને નમ્ર વિનંતી છે કે વધુને વધુ સભ્યો આ યોજનાનો લાભ લઈ સમાજની સેવામાં આપનું યોગદાન આપશો.

અંતમાં આપણા જૈન શાસનની વર્તમાન સમયમાં બનેલ અભૂતપૂર્વ ઘટનાની નોંધ લેવાનું મન થાય છે. થોડાક સમય પહેલાના સમાચારથી જૈન સમાજમાં ખળભળાટ મચી ગયો હતો અને તે ઘટના હતી લછવાડ (બિહાર)માં અતિપ્રાચિન (જીવીત પ્રતિમા) ભગવાન મહાવીરની પ્રતિમાની ચોરી. સમાજ સ્તબ્ધ હતો. સમગ્ર ભારતમાંથી જૈન સમાજે આ ઘટનાની નિંદા કરી સમસમીને બેસી ન રહેતા જબરજસ્ત વિરોધ કરવામાં આવ્યો. જૈન શાસનના પૂજ્ય આચાર્ય ભગવંતો સાથે સહુ સાધુઓ અને સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવીકાઓના ચતુર્વિધ સંઘે પ્રાણપ્યારી ભગવાનશ્રી મહાવીરની પ્રતિમાને પરત મેળવવા મંત્રજાપના અનુષ્ઠાનો કર્યા અને ઉગ્ર તપની આરાધનાઓ કરી. આના ફળસ્વરૂપે પ્રતિમા જૈન સમાજને પરત મળી. ગઈ કાલે જ જાણવા મળ્યુ કે પ્રતિમાની પનઃપ્રતિષ્ઠા પણ લછવાડમાં થઈ ગઈ છે. સમગ્ર જૈન સમાજે રાહત અને આનંદની લાગણી અનુભવી. ભારત વર્ષની કુલ વસ્તીના અડધા ટકામાં પણ ન આવી શકે તેવા જૈન સમાજની આ ગૌરવવંતી ગાથા છે.

આવો શ્રી ૧૦૮ સમાજના શ્રેષ્ઠીઓ આપણે સૌ સાથે મળીને સમાજના ઉત્કર્ષમાં આપણું યોગદાન આપીએ.

સી. ટી. શાહના
જય જિનેન્દ્ર.

**બદલાયેલ સરનામું :**

૧. **હિરેન જે. શાહ**
*એ/૨/૪૦૪, સર્વમંગલમ્ રેસિડેન્સી,*
*સાબરમતી કોલેજ નજીક, રામનગર,*
*સાબરમતી, અમદાવાદ-૦૫.*

૨. **જીતેન્દ્ર નટવરલાલ શાહ**
**મનન જીતેન્દ્ર શાહ**
*૨૦૧, સમઉત્કર્ષ રેસીડેન્સી,*
*શ્રીમદ રાજચંદ્ર જ્ઞાનમંદિરની બાજુમાં,*
*વસંતકુંજ સુખીપુરા,*
*પાલડી, અમદાવાદ-૦૭.*

૩. **પ્રવિણભાઈ કાન્તીલાલ મહેતા**
**પ્રજ્ઞેશકુમાર પ્રવિણભાઈ મહેતા**
C/o. *૨૪૭૧/૨,આરાધના ક્લોથ સ્ટોર,*
*માણેકચોક પોલીસચોકીની નીચે,*
*માણેકચોક, અમદાવાદ-૦૧.*

૪. **અશોક ભોગીલાલ શાહ**
*એસ-૫૦૧, સ્વામિનારાયણ પાર્ક-૧,*
*જી.બી. શાહ કોલેજની પાછળ,*
*વાસણા, અમદાવાદ.*
*મો. ૯૩૭૫૯૭૮૦૩૩*

# પ્રમુખ સ્થાનેથી

લગભગ ૧૦ વર્ષ પહેલા શરૂ થયેલ આ કોલમનો આ અંતિમ પડાવ છે. આ દસકામાં ઘણા બધા ક્ષેત્રે આમૂલ પરિવર્તનો આવ્યા. આર્થિક, સામાજિક, નૈતિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે અમુક ફેરફારોએ તો આપણી જીવન પ્રણાલી અને જીવનશૈલીનો ઘરમૂળથી બદલી નાખી છે. એમાની એક વાત મારે જે આજે ખાસ કરવી છે તે ભાષા પ્રત્યેની નવી પેઢીની ઉદાસિનતાની. આજે છાપા, મેગેઝીનો, નવલકથાઓ કે અન્ય સાહિત્ય વાંચવામાં રસ ઘટતો જાય છે. ગુજરાતી ભાષાની તો માતૃભાષા હોવા છતા ગરિમા ઘટતી ગઈ છે. અમને એવું ચોક્કસ લાગે છે કે લેખન અને વાંચન બંનેને લૂણો લાગ્યો છે. ભાષા ઉપર પ્રભુત્વ તો બાજુએ રહ્યું, એક પોસ્ટકાર્ડ લખવાનું કે નોકરી માટે અરજી કરવાની પણ આવડત રહી નથી. કોપી - પેસ્ટ અને ફોરવર્ડના આધારે કામ ચલાવી લેવાય છે. એ સંજોગોમાં હવે મેગેઝીન ચાલુ રાખવાનો કોઈ અર્થ રહેતો નથી.

કોઈ પણ મુખપત્ર ચાલે ત્યારે જ જ્યારે લેખકો અને વાંચકો બંને સક્રિય હોય. આપણા સંસ્કાર જ્યોતમાં ભાગ્યે જ કોઈ સભ્યે કોઈક વિષય ઉપર પોતાના મૌલિક વિચારો રજુ કર્યા હશે. છુટા છવાયા નાના લેખો ક્યારેક મળે છે. પણ સૌને રસ પડે, નવો વિચાર પ્રેરે, નવુ દૃષ્ટિબિંદુ ખીલે, નાનકડી પ્રેરણા મળે કે નવી માહિતી મળે એવું કાંઈ લખાતુ નથી. અમારી તરફે પણ કેટલીક મર્યાદાઓ રહી છે. છપામણીનો ખર્ચ વધતો જાય છે. ડીલીવરી કરવાના બધા પ્રયત્નો છતાં સંસ્કાર જ્યોત સમયસર મળતું નથી. કેટલાકને તો પહોંચતું જ નથી. આ સંજોગોમાં મંડળના કાર્યક્રમોની જાણકારી પણ સમયસર ન થતા તેમાં ભાગ લેનારાઓની સંખ્યા પણ ઘટતી જાયછે. એટલે ના છૂટકે આજ પછી ૧૦૮ સંસ્કાર જ્યોત પ્રિન્ટ સ્વરૂપે બંધ કરીએ છીએ.

હવે પછી મંડળના કાર્યક્રમોની માહિતી પરિપત્ર દ્વારા જ મોકલવામાં આવશે. ટેકનોલોજીના વધતા જતાં વ્યાપને ધ્યાનમાં રાખીને SMS અને ઈ-મેઈલ દ્વારા જ માહિતી મળશે એ દિવસો બહુ દૂર નથી. વિના ખર્ચે, સમયસર, એક સાથે સંપૂર્ણ માહિતી બધાને મળે તો છપાવવાનો અને પોસ્ટ કરવાના ખર્ચાની જરૂર જ ક્યાં છે ? આપ સૌ જાણો છો કે મોટાભાગની કંપનીઓ તેમના વાર્ષિક હિસાબ હવે છાપીને મોકલતી નથી. ક્યાં તો કંપનીની વેબસાઈટ ઉપર માહિતી મળે અથવા વ્યક્તિના ઈ-મેઈલ દ્વારા જરૂરી માહિતી અપાય છે.

જો કે અંગત રીતે મને આ કોલમ બંધ કરવાનું ગમ્યું નથી. છેલ્લા ૧૦ વર્ષથી અલગ અલગ વિષયો ઉપર મારા વિચારો વ્યક્ત કરવાનું આ એક માધ્યમ હતું. સાંપ્રત સમસ્યા, સામાજીક બદલાવ, કુદરતી આફતો, દેશકાળના પરિવર્તન, યુવકો અને બહેનોને માર્ગદર્શન, શિક્ષણ અને હેલ્થકેર એમ ઘણા વિષયો પર મારા વિચારો અને સૂચનો રજુ કર્યા છે. મને આનંદ છે કે ઘણા બધા સભ્યોએ રસપૂર્વક વાંચીને એમના પ્રતિભાવ પણ આપ્યા છે. આવા કેટલાક મિત્રો અને સ્નેહીજનો સાથે આ માધ્યમ દ્વારા થતો વિચાર-વિનિમય હવે બંધ થશે તે દિલને ખટકશે એ નક્કી છે. જો કે બીજી દ્રષ્ટિએ વિચારુ છું તો મને લાગે છે કે હવે મારે જે કાંઈ કહેવું છે તે માટે ચાર મહિનાની રાહ જોવી નહીં પડે.

આપણી વેબસાઈટ ઉપર સમયાંતરે કાંઈક ને કાંઈક લખવાની મારી તીવ્ર ઈચ્છા છે. નેતાઓ, અભિનેતાઓ અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓ જેમ બ્લોગ અને ટ્વિટર ઉપર સમયાંતરે અપડેટ આપે છે તેમ આપણે સૌ પણ આપણી વેબસાઈટના માધ્યમ દ્વારા આપણા પ્રશ્નો, વિચારો, અનુભવો, અવલોકનો વગેરેને વહેતા મુકી શકીએ તેમ છે. હું આશા રાખું છું કે આપણા સમાજની વેબસાઈટનું નવું સ્વરૂપ ઘડાય તે પછી સૌ કોઈ છુટથી વિચારોનો વિનિમય કરતા થાય અને સમગ્ર સમાજને એનો લાભ મળે. બદલતા જતા સમય સાથે બદલાવાની આ પ્રક્રિયા આપણે સમયસર કરીએ એ ખૂબ જરૂર છે, પ્રગતિની નિશાની છે અને પરિપક્વતાની પ્રતીતિ છે.

**-ભૂપેન્દ્ર શાહ**

## કારોબારી સમિતિમાં ફેરફાર

વર્તમાન કારોબારી સમિતિમાં રાજીનામા અને પ્રતિકૂળતાના કારણે ખાલી પડેલ જગ્યા ઉપર નીચેના સભ્યોની સર્વાનુમતે પસંદગી કરવામાં આવી છે. આ સભ્યો વારી પ્રમાણે નિવૃત્ત થવાની જોગવાઈ અનુસાર મૂળ સભ્યોની સમયમર્યાદા સુધી જ કારોબારી સમિતિમાં રહેશે.

૧. રૂપલ દિલિપભાઈ મહેતા - છઠિયારડા

૨. તેજસ જીતેન્દ્રકુમાર શાહ - લીંચ

૩. ભાવિન નલિનભાઈ શાહ - લાંઘણજ

૪. પરેશ સુબોધભાઈ શાહ - ધોળાસણ

૫. કમલેશ કાંતિલાલ શાહ - ધિણોજ

સૌ યુવાન સભ્યોને અભિનંદન. આશા રાખીએ કે કારોબારી સમિતિના સભ્ય તરીકે તન-મન-ધનથી સહયોગ આપીને મંડળની પ્રગતિ માટે પુરી ખંત અને નિષ્ઠાપૂર્વક ફરજ બજાવશે.

## મમ્મી તું હવે ચાલીસની થઈ !

*મમ્મી તું હવે ચાલીસની થઈ !*
*જવાબદારીઓમાંથી તો થોડી મુક્ત થઈ!!*
*સમય તારો આમ ને આમ વિતી જશે !*
*માં, ક્યારે જીવીશ તું તારા માટે !!*
*બધાના સમય બેખુબી સાચવ્યા !*
*અમારી સ્કૂલનો, પપ્પાની ઓફિસનો*
*દાદા-દાદીનો જમવાનો !!*
*દરેકને સુવિધા આપવામાં*
*ક્યા કદી જોઈ તે તારી અસુવિધા !*
*માં, ક્યારે જીવીશ તું તારા માટે !!*
*નાના હતા, મૂર્તિમાં અમે ભગવાન શોધતા !*
*શોધવાની જરૂર ન હતી આજે સમજાયું !!*
*ટોચ ઉપર બેસાડી અમને,*
*તું ક્યા ખોવાઈ ગઈ ?*
*માં, ક્યારે જીવીશ તું તારા માટે !!*
*સમય સરકતો જશે,*
*શારીરિક ક્ષમતા તારી ઓછી થશે !!*
*બધા જ પોતાની જિંદગીમાં ગોઠવાઈ જશે*
*હંમેશા અમારા આનંદમાં જ,*
*તારો આનંદ શોધનારી !*
*માં, ક્યારે જીવીશ તું તારા માટે !!*

## તંદુરસ્તીની જાળવણી અને તમારા આરોગ્યની ચિંતા મંડળને છે !

### ફ્રી મેડિકલ ચેકઅપ સુવિધા

આપણા મંડળની કારોબારી સમિતિના ડોક્ટર મિત્રો શ્રી કેતન શાહ, શ્રી નવીન શાહ અને શ્રી પ્રણવ શાહના ઘણા સમયના આગ્રહથી મંડળના સભ્યોની શારીરિક તપાસ માટે એક સુંદર યોજના સાકાર થઈ છે. કારોબારીના સભ્ય શ્રી સમીર પી. શાહના પ્રયત્નોથી આનંદ સર્જીકલ હોસ્પિટલ દ્વારા સભ્યોને વિના મૂલ્યે હેલ્થ ચેક અપની સુવિધા પ્રાપ્ત થઈ છે. આ ચેક અપમાં નીચે મુજબની તપાસ કરવામાં આવશે.

**૧. લેબોરેટરી તપાસ :**

- સી.બી.સી. લોહીની જનરલ તપાસ, લોહીના ટકા વગેરે
- બ્લડ સુગર - ડાયાબીટીસ માટે
- એસ.જી.પી.ટી. - લીવરની જાણકારી માટે
- એસ.ક્રેએટીનાઈન - કીડનીની જાણકારી માટે
- ઈસીજી - કાર્ડિયોગ્રામ - હૃદયની જાણકારી માટે

**૨. કન્સલ્ટેશન :**

- ડેન્ટલ - દાંતની સંભાળ માટે
- જનરલ એમ.ઓ. દ્વારા સમગ્ર તંદુરસ્તીનો ખ્યાલ

**૩. નિષ્ણાત દ્વારા તપાસ (કોઈપણ એક)**

- ફિઝીશીયન - મેડીકલના કોઈપણ રોગ માટે
- સર્જન - ઓપરેશન, હરસ, મસા, ભગંદર, એપેન્ડીક્સ, હર્નિયા વગેરે.
- ઓર્થોપેડીક - હાડકાના રોગ, જુના ફ્રેક્ચર, સાંધાના દુઃખાવા
- ગાયનેકોલોજીસ્ટ - સ્ત્રી રોગો, માસિકના પ્રશ્નો, ગર્ભાશયના રોગ, નિઃસંતાન માટે

**ખાસ સૂચના :**

૧. ફક્ત ૨૦૦ ફ્રી કુપન આપવામાં આવશે. એક કુપનમાં પતિ અને પત્ની એમ બંનેની તપાસ થઈ શકશે.
૨. આ અંગે કોઈપણ પ્રકારની ફી રાખવામાં આવી નથી.
૩. આ ચેક અપ આનંદ સર્જીકલ હોસ્પિટલ (ડો. નરેન્દ્ર સંઘવી) મેમ્કો ચાર રસ્તા, નરોડા રોડ ખાતે કરવામાં આવશે.
૪. આ ચેકઅપ સોમવારથી શુક્રવાર દરમિયાન સવારે ૧૦ થી સાંજે ૫ સુધીમાં જ થશે. પ્રતિદિન વધુમાં વધુ ૧૦ તપાસ થશે.
૫. આ માટે અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી છે. ફોન : ૮૮૬૬૮ ૧૨૬૬૬
૬. આ કુપન ઈસ્યુ થયા તારીખથી ૩૦ દિવસ સુધી જ વાપરી શકાશે.

ઉપરોક્ત તપાસ સિવાય અન્ય તપાસ, કન્સલ્ટેશન અને ઓપરેશન રાહતના દરે કરી આપવામાં આવશે.

***આ સમગ્ર યોજના અને આર્થિક સહયોગ માટે મંડળ ડૉ. નરેન્દ્રભાઈ સંઘવી તેમના ધર્મપત્ની શ્રીમતી રીટાબેન (સાલડી) તથા કારોબારી સભ્યશ્રી સમીર પી. શાહનો અંતઃકરણપૂર્વક આભાર માને છે.***

# હેલ્થ ચેક-અપ માટે ફ્રી કુપન મેળવવા માટેનું ફોર્મ

૧. સભ્યનું નામ (પુરી વિગત સાથે) ______________________ વતન : __________

૨. ઘરનું સરનામું : ______________________________________________

______________________________________________

૩. હેલ્થ ચેક અપ કરાવનારનું નામ :

૧. ______________________ સભ્ય સાથે સંબંધ __________ ઉંમર : ______

૨. ______________________ સભ્ય સાથે સંબંધ __________ ઉંમર : ______

૪. ફોન નંબર : (રહે.) ______________ (મોબાઈલ) ______________

૫. પરિવારની અંદાજિત વાર્ષિક આવક : ______________________

૬. તપાસ કરાવવા માટે ખાસ કારણો હોય તો જણાવવા :

______________________________________________

______________________________________________

૭. છેલ્લે તપાસ ક્યાં અને ક્યારે કરાવેલી :

______________________________________________

______________________________________________

૮. શારીરિક / આરોગ્યલક્ષી તકલીફોની વિગત :

______________________________________________

______________________________________________

સહી ______________________

## કુપન મેળવવાનું સ્થળ :

**૧. ડૉ. કેતન શાહ**, હેપી હોમિયોપેથિક સ્ટોર, નવરંગપુરા જૈન દેરાસર સામે.

**૨. ડૉ. પ્રણવ શાહ** - અર્હમ ડેન્ટલ ક્લિનીક, જયદીપ ટાવર, ધરણીધર બ્રીજ નજીક, પાલડી.

**૩. સમીર પી. શાહ**, આનંદ સર્જીકલ હોસ્પિટલ, મેમ્કો ચાર રસ્તા, નરોડા રોડ.

# તપસ્વી પારણા અને બહુમાન સમારંભના દાતાશ્રીઓ

**સમગ્ર સમારોહના અનુમોદનીય મુખ્ય લાભાર્થી**
**માતુશ્રી સવિતાબેન પરષોત્તમદાસ વાડીલાલ શાહ પરીવાર (લીંચ)**
**સમગ્ર ૧૦૮ સમાજનાં સ્વામીવાત્સલ્યના અનુમોદનીય લાભાર્થી**
**માતુશ્રી કાન્તાબેન કાન્તીલાલ ચતુરદાસ શાહ પરીવાર (ધીણોજ)**

**તપસ્વી બહુમાનના અનુમોદનીય લાભાર્થી**
માતુશ્રી સવિતાબેન ફકીરચંદ ભાયચંદ શાહ પરિવાર (ધોળાસણ)
હસ્તે : પ્રજ્ઞા શૈલેષ શાહ (યુ.એસ.એ.)

**શ્રી સંઘપૂજનના અનુમોદનીય લાભાર્થી**
શ્રી નટવરલાલ અંબાલાલ શાહ પરિવાર (લણવાવાળા)
સ્વ. સુભદ્રાબેન નટવરલાલ શાહના શુભ આશિષ

તપસ્વી પારણા તથા બહુમાનના કાયમી સહયોગી દાતાશ્રી તારાબેન કાન્તીલાલ જેસીંગભાઈ મહેતા (બોરીયાવી)

## વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન મંડળ દ્વારા આયોજીત સર્વે કાર્યક્રમોના સહાયક દાતાશ્રીઓ

### રૂા. ૧૧૦૦૦/-

| | |
|---|---|
| શ્રી બાબુલાલ દલસુખભાઈ શાહ પરિવાર | કૈયલ |
| શ્રી કપુરભાઈ રતીલાલ શાહ | લીંચ |
| શ્રી જયેશભાઈ ચંદુલાલ શાહ | આસજોલ |
| શ્રી મણીલાલ મંછારામ (અન્નપૂર્ણા હિંગવાળા) | કૈયલ |
| શ્રી પ્રવિણભાઈ કાન્તીલાલ મહેતા | નાવલી |
| શ્રી કાન્તીલાલ મોતીલાલ શાહ પરિવાર | ચાણસ્મા |
| સ્વ. મંજુલાબેન રમણલાલ વાડીલાલ શાહ | ચાણસ્મા |
| શ્રી પુરુષોત્તમદાસ વાડીલાલ શાહ | લીંચ |

### રૂા. ૫૦૦૦/-

| | |
|---|---|
| શ્રી મંગળદાસ કસ્તુરચંદ શાહ | ધિણોજ |
| શ્રી બચુભાઈ ફકીરચંદ શાહ | ધોળાસણ |
| શ્રી તેજપાલભાઈ દલસુખરામ શાહ | મોઢેરા |
| શ્રી ચંદ્રકાન્તભાઈ તારાચંદ શાહ | મોટીદાઉ |
| શ્રી પંકજકુમાર વિસાભાઈ શાહ | લાંઘણજ |
| ડૉ. નવિનભાઈ સુંદરલાલ શાહ | અંબાસણ |
| શ્રી ચંદ્રકાન્તભાઈ હરગોવનદાસ મણીયાર | મહેસાણા |
| શ્રી ઈન્દ્રવદનભાઈ કે. શાહ | ધોળાસણ |
| હિરાબેન ફકીરચંદ નાથાલાલ શાહ | કેલીયાવાસણા |
| શ્રી ચીનુભાઈ ખોડીદાસ શાહ | રાસમ |
| શ્રી જયસુખલાલ ફકીરચંદ શાહ | ધોળાસણ |
| શ્રી છનાલાલ જેસીંગભાઈ શાહ | મહેસાણા |
| શ્રી સુબોધભાઈ માનચંદ શાહ | ધોળાસણ |
| શ્રી દિલીપભાઈ ચંદુલાલ મહેતા | છઠીયારડા |
| શ્રી ચંપકલાલ સાકળચંદ શાહ | કેલીયાવાસણા |
| શ્રીમતી મંગુબેન હરગોવનદાસ શાહ | મોઢેરા |
| માતુશ્રી ભાનુબેન વિમળભાઈ શાહ | કૈયલ |
| ડૉ. વિનોદભાઈ કે. શાહ | લીંચ |
| શ્રી અવન્તિભાઈ હઠીભાઈ શાહ | ખડદા |
| શ્રી નટવરલાલ ખુશાલદાસ શાહ | મોટી દાઉ |
| શ્રી નવીનચંદ્ર વીરચંદભાઈ શાહ પરિવાર | સામેત્રા |
| શ્રી શાંતીલાલ દલસુખરામ શાહ | સામેત્રા |
| શ્રી બાબુલાલ અંબાલાલ શાહ પરિવાર | લણવા |
| ડૉ. લાલભાઈ અમૃતલાલ શાહ | ધિણોજ |
| ડૉ. અરવિંદભાઈ ચીમનલાલ શાહ | લીંચ |
| જશીબેન ગાંડાભાઈ શાહ | સાલડી |
| શ્રી સેવંતીલાલ અંબાલાલ શાહ | લણવા |
| શ્રી પ્રકાશચંદ્ર ચીમનલાલ શાહ | લીંચ |
| વસુમતિ વિનોદચંદ્ર શાહ | કૈયલ |
| શ્રી જીતેન્દ્રકુમાર સોમચંદ શાહ પરિવાર | કૈયલ |
| શ્રી વિમળભાઈ ભોળીદાસ શાહ | સાલડી |
| શ્રીમતી મૃદુલાબેન રસીકલાલ શાહ | લણવા |
| શ્રી રમેશચંદ્ર અમરતલાલ શાહ પરિવાર | મણુંદ |

### રૂા. ૨૫૦૦/-

| | |
|---|---|
| શ્રી ભરતભાઈ લાલભાઈ શાહ | કૈયલ |
| શ્રી મહેન્દ્રભાઈ ડાહ્યાલાલ શાહ | અંબાસણ |

### ભેટ

| | | |
|---|---|---|
| જય મહેતા | મહેસાણા | ૧૧૦૦ |
| રીયા મિહીરકુમાર | રણુંજ | ૧૦૦૦ |
| કાન્તીલાલ ડાહ્યાલાલ મહેતા | | ૫૦૦ |
| અજયભાઈ મણીલાલ શાહ | કૈયલ | ૫૦૦ |

**સર્વ દાતાઓની ઉદારતા અને સૌજન્યતા બદલ મંડળ ધન્યતા અને કૃતજ્ઞતાની લાગણી અનુભવે છે. સૌનો ખુબ આભાર**

# શ્રી જૈન વિશા શ્રીમાળી ૧૦૮ના ગોળનું યુવક મંડળ, અમદાવાદ
# સાતમો તપસ્વી સમૂહ પારણા, બહુમાન અને સંવત્સરિક ક્ષમાપના સમારોહ

## પારણા કરનાર તપસ્વીઓના નામ

| બેઠક ક્રમાંક | તપસ્વીઓના નામ | તપશ્ચર્યા | ગામ |
|---|---|---|---|
| ૧ | વૈશાલી પરેશભાઈ શાહ | ૧૬ ઉપવાસ | ધીણોજ |
| ૨ | ખુશ્બુ હાર્દિકકુમાર શાહ | ૮ ઉપવાસ | ધીણોજ |
| ૩ | કુમારપાળ અમરતલાલ શાહ | ૮ ઉપવાસ | ખડદા |
| ૪ | રાજુલ એ. મણીયાર | ૮ ઉપવાસ | મહેસાણા |
| ૫ | પૂજન એ. મણીયાર | ૮ ઉપવાસ | મહેસાણા |
| ૬ | રૂત્વા જય મહેતા | ૧૬ ઉપવાસ | લીંચ |
| ૭ | કોમલ પથીક શાહ | ૮ ઉપવાસ | કૈયલ |
| ૮ | મનાલી માલવભાઈ શાહ | ૮ ઉપવાસ | કૈયલ |
| ૯ | કવીશ કલ્પેશભાઈ શાહ | ૮ ઉપવાસ | ધોળાસણ |
| ૧૦ | શાંતાબેન બચુભાઈ શાહ | ૮ ઉપવાસ | ધોળાસણ |
| ૧૧ | ધવલ નરેન્દ્રભાઈ શાહ | ૮ ઉપવાસ | લીંચ |
| ૧૨ | ઝરણાબેન ધવલભાઈ શાહ | ૮ ઉપવાસ | લીંચ |
| ૧૩ | દિપાલી કૃશાંગકુમાર શાહ | ૮ ઉપવાસ | કટોસણ |
| ૧૪ | કૃશાંગકુમાર મુકેશભાઈ શાહ | ૮ ઉપવાસ | કટોસણ |
| ૧૫ | હિરેન દિલીપભાઈ શાહ | ૮ ઉપવાસ | સંડેર |
| ૧૬ | હિર કમલેશભાઈ શાહ | ૮ ઉપવાસ | લણવા |
| ૧૭ | પ્રિયંકાબેન કૌશલભાઈ શાહ | ૧૧ ઉપવાસ | અંબાસણ |
| ૧૮ | જીગ્નેશ રમેશભાઈ શાહ | ૮ ઉપવાસ | રણુંજ |
| ૧૯ | રૂપેશ મહેન્દ્રભાઈ શાહ | ૮ ઉપવાસ | ચાણસ્મા |
| ૨૦ | રીચા મિહીરકુમાર શાહ | ૧૧ ઉપવાસ | રણુંજ |
| ૨૧ | વિપુલભાઈ ધીરજલાલ શાહ | ૮ ઉપવાસ | પીલુદરા |
| ૨૨ | શિવાની સુનીલકુમાર શાહ | ૮ ઉપવાસ | હારીજ |
| ૨૩ | જેનીશ જસ્મીનભાઈ શાહ | ૮ ઉપવાસ | ડાંગરવા |
| ૨૪ | રીટાબેન જસ્મીનભાઈ શાહ | ૮ ઉપવાસ | ડાંગરવા |
| ૨૫ | ક્રિષ્મા અંકીતભાઈ શાહ | ૮ ઉપવાસ | કરણનગર |
| ૨૬ | પ્રિયલ જયેશભાઈ શાહ | ૮ ઉપવાસ | ચવેલી |
| ૨૭ | રાજ રાકેશકુમાર શાહ | ૮ ઉપવાસ | ચવેલી |
| ૨૮ | ઉમેશભાઈ સેવંતીલાલ શાહ | ૮ ઉપવાસ | ચાણસ્મા |
| ૨૯ | ત્વીષા રાકેશકુમાર શાહ | ૮ ઉપવાસ | સાલડી |
| ૩૦ | હેલી દિક્ષીત શાહ | ૮ ઉપવાસ | બામોસણા |
| ૩૧ | આદિત્ય ઋષભ શાહ | ૮ ઉપવાસ | કૈયલ |
| ૩૨ | અક્ષત અતુલકુમાર શાહ | ૮ ઉપવાસ | કૈયલ |
| ૩૩ | રુષભ દેવેન્દ્રભાઈ શાહ | ૮ ઉપવાસ | ધોળાસણ |
| ૩૪ | લક્ષ્મીબેન રાહુલભાઈ શાહ | ૮ ઉપવાસ | રણુંજ |
| ૩૫ | પંકજભાઈ સેવંતીલાલ શાહ | ૮ ઉપવાસ | ધીણોજ |
| ૩૬ | ધારાબેન વિશાલભાઈ શાહ | ૮ ઉપવાસ | કૈયલ |
| ૩૭ | ધ્રુવ રાજેશભાઈ શાહ | ૮ ઉપવાસ | લાંઘણજ |
| ૩૮ | વિરતિ સૌરભકુમાર શાહ | ૮ ઉપવાસ | કૈયલ |
| ૩૯ | કલ્પેશભાઈ રસીકલાલ શાહ | સિદ્ધિતપ | લણવા |
| ૪૦ | તરુણકુમાર વીમળદાસ શાહ | ૧૦ ઉપવાસ | કંથરાવી |

# પ્રભાવના યોજનાના સહયોગી

| ક્રમ | નામ | ગામ | ક્રમ | નામ | ગામ |
|---|---|---|---|---|---|
| ૧ | વૈશાલી પરેશભાઈ શાહ | ધીણોજ | ૨૯ | દિપકકુમાર છનાલાલ | ચાણસ્મા |
| ૨ | ખુશબુ હાર્દિકકુમાર શાહ | ધીણોજ | ૩૦ | છનાલાલ જેસીંગભાઈ શાહ | મહેસાણા |
| ૩ | કુમારપાળ અમરતલાલ શાહ | ધીણોજ | ૩૧ | હીરાબેન ફકીરચંદ નાથાલાલ | કે.વાસણા |
| ૪ | રાજુલ એ. મણીયાર | મહેસાણા | ૩૨ | સુશીલાબેન વિજયકુમાર શાહ | પાંચોટ |
| ૫ | પૂજન એ. મણીયાર | મહેસાણા | ૩૩ | પોપટલાલ ચતુરચંદ શાહ | ચાણસ્મા |
| ૬ | રૂત્વા જય મહેતા | લીંચ | ૩૪ | અંકીત સુરેશભાઈ શાહ | લીંચ |
| ૭ | કોમલ પથીક શાહ | કૈયલ | ૩૫ | નરેન્દ્રકુમાર બાબુલાલ મહેતા | |
| ૮ | હિરેન દિલીપભાઈ શાહ | સંડેર | ૩૬ | કાન્તીલાલ જેસીંગભાઈ મહેતા | બોરિયાવી |
| ૯ | પ્રિયંકાબેન કૌશલભાઈ શાહ | અંબાસણ | ૩૭ | કપુરભાઈ આર. શાહ | લીંચ |
| ૧૦ | જીગ્નેશ રમેશભાઈ શાહ | રણુંજ | ૩૮ | ચંપકલાલ સાકળચંદ શાહ | કે.વાસણા |
| ૧૧ | રૂપેશ મહેન્દ્રભાઈ શાહ | ચાણસ્મા | ૩૯ | મંગળદાસ કસ્તુરચંદ શાહ | ધિણોજ |
| ૧૨ | રીચા મિહીરકુમાર શાહ | રણુંજ | ૪૦ | ચંદુલાલ ચીમનલાલ શાહ | |
| ૧૩ | શિવાની સુનીલકુમાર શાહ | હારીજ | ૪૧ | શાન્તીલાલ ચીમનલાલ શાહ | |
| ૧૪ | જેનીશ જસ્મીનભાઈ શાહ | ડાંગરવા | ૪૨ | કાન્તીલાલ મંગળદાસ શાહ | લીંચ |
| ૧૫ | રીટાબેન જસ્મીનભાઈ શાહ | ડાંગરવા | ૪૩ | વિરલભાઈ મહાસુખલાલ શાહ | ચાણસ્મા |
| ૧૬ | ક્રિષ્મા અંકીતભાઈ શાહ | કરણનગર | ૪૪ | મનહરલાલ મોહનલાલ શાહ | હારીજ |
| ૧૭ | પ્રિયલ જયેશભાઈ શાહ | ચવેલી | ૪૫ | શાન્તીલાલ મોહનલાલ | અંબાસણ |
| ૧૮ | રાજ રાકેશકુમાર શાહ | ચવેલી | ૪૬ | પ્રકાશભાઈ ચીમનલાલ શાહ | લીંચ |
| ૧૯ | ઉમેશભાઈ સેવંતીલાલ શાહ | ચાણસ્મા | ૪૭ | મણીલાલ મંછારામ શાહ | કૈયલ |
| ૨૦ | ત્વીષા રાકેશકુમાર શાહ | સાલડી | ૪૮ | નિર્મળભાઈ કસ્તુરચંદ શાહ | લીંચ |
| ૨૧ | હેલી દિક્ષીત શાહ | બામોસણા | ૪૯ | વિનોદકુમાર ખેમચંદ શાહ | કૈયલ |
| ૨૨ | લક્ષ્મીબેન રાહુલભાઈ શાહ | રણુંજ | ૫૦ | જયેશકુમાર ચંદુલાલ શાહ | આસજોલ |
| ૨૩ | ધારાબેન વિશાલભાઈ શાહ | કૈયલ | ૫૧ | કૃણાલ નરેન્દ્રભાઈ શાહ | લાંઘણજ |
| ૨૪ | ધ્રુવ રાજેશભાઈ શાહ | લાંઘણજ | ૫૨ | હિરેનભાઈ આર. શાહ | ડાંગરવા |
| ૨૫ | વિરતિ સૌરભકુમાર શાહ | કૈયલ | ૫૩ | નવિનચંદ્ર હિરાલાલ શાહ | ચાણસ્મા |
| ૨૬ | તરુણકુમાર વીમળદાસ શાહ | કંથરાવી | ૫૪ | કેતનભાઈ નવિનચંદ્ર શાહ | ચાણસ્મા |
| ૨૭ | કંચનબેન રસીકલાલ શાહ | લણવા | ૫૫ | જયેશભાઈ મનસુખલાલ શાહ | મહેસાણા |
| ૨૮ | નલીનભાઈ અમૃતલાલ શાહ | લાંઘણજ | ૫૬ | ડો. લાલભાઈ અમરતલાલ શાહ | ધિણોજ |

**આ કાર્યક્રમને સફળ બનાવવા ઉપરોક્ત સૌ દાતાશ્રીઓનો આર્થિક સહયોગ માટે મંડળ ખૂબ ખૂબ અનુમોદન સાથે આભાર માને છે.**

# આવતા આકર્ષણો....

## અમદાવાદ શહેર હેરીટેઝ યાત્રા આયોજન

આપણા મંડળના ઘણા બધા સભ્યો એ વાતથી અજાણ હશે કે અમદાવાદ શહેરને હેરીટેજ સીટીની માન્યતા મળે એ માટે ઘણા પ્રયત્નો થઈ રહ્યા છે. આ હેતુસર અ.મ્યુ.કો. દ્વારા ઘણા વર્ષોથી એક હેરીટેજ વોક દરરોજ સવારે ૭-૧૫ કલાકે નીકળે છે. આ પ્રયાસને અમદાવાદ શહેરના મુલાકાતીઓ ખાસ કરીને પરદેશી ટૂરીસ્ટો ખૂબ વખાણે છે. મંદિરથી મસ્જિદ સુધીની આ યાત્રાને સાચે જ અનુભવ કરવા જેવો છે. સ્વામિનારાયણ મંદિર, કાલુપુરથી શરૂ થઈ, શહેરના પ્રાચીન મકાનો, સ્મારકો, મંદિરો અને જિનાલયને આવરી લેતી ૨ કલાકની આ યાત્રા ગાંધીરોડ, જુમ્મા મસ્જિદે સમાપ્ત થાય છે. યાત્રાને અંતે પોતપોતાના શોખ મુજબ ઐતિહાસિક રેસ્ટોરાં ચંદ્રવિલાસમાં નાસ્તાની મિજબાની થાય છે. આ યાત્રાના પ્રણેતા શ્રી દેબાશિષ નાયક હાલ અમદાવાદ યુનિવર્સિટીમાં હેરીટેજ મેનેજમેન્ટનો વિશિષ્ટ એમ.બી.એ.નો કોર્સ ભણાવે છે.

મંડળના યુવાન સભ્યો જેમણે કદાચ જુનું અમદાવાદ શહેર અને એની પોળોની સમૃદ્ધિ જોઈ નહીં હોય તેમના માટે આ સુંદર તક છે. આ યાત્રા માટે કાંઈ ફી રાખવામાં આવી નથી. પરંતુ જેમને ચંદ્રવિલાસની યાદ માણવી હોય તેમણે રૂા. ૧૦૦ સ્થળ ઉપર આપવાના રહેશે.

**તારીખ : રવિવાર ૧૭ જાન્યુઆરી ૨૦૧૬**

**સમય : સવારે ૭-૦૦ કલાકે**

**યાત્રા આરંભ : સ્વામિનારાયણ મંદિર, કાલુપુર**

પાર્કિંગની વ્યવસ્થા મંદિરના પટાંગણમાં રાખવામાં આવેલ છે. રસ ધરાવતા મિત્રોએ નામ અને ફોન નંબર વોટ્સએપ અથવા એસ.એમ.એસ. દ્વારા ૯૮૨૪૦ ૪૩૧૭૭ ઉપર નોંધાવવાના રહેશે.

વધુમાં વધુ ૫૦ સભ્યોની બે બેચ રાખવામાં આવશે.

## જૈન હેરિટેઝ વોક

આ યાત્રાના બીજા તબક્કામાં જૈન દહેરાસરો જે આપણા ભવ્ય અને પ્રાચીન વારસાના પ્રતિક છે તેની ચૈત્ય પરિપાર્ટીનું આયોજન કરવામાં આવ્યું છે. જેના પહેલા ચરણમાં રવિવાર, તા. ૩૧ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ ફતાસાપોળ, દોશીવાડની પોળ અને ઝવેરીવાડના પ્રાચીન જિનાલયોના સામુહિક દર્શનનો કાર્યક્રમ રાખેલ છે. ચૈત્ય પરિપાટી પછી નવકારશીનું આયોજન વિદ્યાશાળા ખાતે રાખવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા સભ્યોએ રૂા. ૧૦૦ ડિપોઝીટ ભરીને પોતાના નામ લખાવવાના રહેશે. યાત્રાને અંતે આ ડીપોઝીટ પરત કરવામાં આવશે.

**કાર્યક્રમ વિગત**

**તારીખ ૩૧ જાન્યુઆરી ૨૦૧૬, રવિવાર**

**ચૈત્યપરિપાટી પ્રારંભ : સવારે ૭-૦૦ કલાકે**

**ઝવેરીવાડ મોરિયા પાર્શ્વનાથ જિનાલયથી**

**નવકારશી : ૮-૩૦ કલાકે**

**વિદ્યાશાળા ઉપાશ્રયે, કસુંબાવાડ, દોશીવાડની પોળ**

**નોંધણી સ્થળ :**

**રૂા. ૧૦૦ ડીપોઝીટ પેટે આવીને કારોબારી સમિતિના કોઈપણ સભ્ય પાસે કરાવી શકાશે.**

**અંતિમ તારીખ :**

**૨૬ જાન્યુઆરી ૨૦૧૬**

## આરોગ્ય અને સુખાકારી માર્ગદર્શન સેમિનાર - ફક્ત બહેનો માટે

બહેનો માટેના કાર્યક્રમની શ્રેણીમાં આરોગ્યલક્ષી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ડૉ. કેતન શાહના પ્રયાસથી જાણીતા નેચરોપથી અને ડાયેટીશીયન **શ્રીમતી અલ્પા યાજ્ઞિક** સાથે એક વાર્તાલાપ રાખેલ છે. આજકાલ ડાયાબીટીસ, હાઈપર ટેન્શન અને કોલેસ્ટ્રોલથી સૌ કોઈ પરેશાન છે. આ રાજયોગ જેવા દર્દોને દૂર રાખવા અને કુદરતી ઉપચાર તથા સરળ જીવન પ્રણાલી અને ખાનપાનની આદતો બદલીને લાંબી અને નિરોગી જીંદગી જીવવાની ટીપ્સ આપવાનો આ નમ્ર પ્રયાસ છે.

આ પરિસંવાદમાં નીચેના મુદ્દાઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

(૧) કુદરતી આહારની અગત્યતા, વધતી ઉંમરે

(૨) ખાનપાનની આદતો સુધારવા દ્વારા ચમત્કાર

(૩) નેચરોપથી દ્વારા સારવાર - ગોળીઓ અને દવાને બાય બાય

અલ્પાબેન યાજ્ઞિક ૨૦૧૦ થી નેચરોપથીમાં પ્રેકટીસ કરે છે. ગોળીઓ અને દવા વિના ફક્ત આહાર પદ્ધતિમાં ફેરફાર દ્વારા રોગ અને દર્દોને અંકુશમાં રાખવા અને સમયાંતરે નાબુદ કરવા એ એમની સિદ્ધિ છે. આજીવન દવામાંથી મુક્તિ અપાવવાના મિશનથી આ ક્ષેત્રમાં કાર્યરત છે. આ વિષયમાં એમના ઘણા લેખો દેશ અને પરદેશમાં પ્રતિષ્ઠિત મેગેઝીનોમાં પ્રકાશિત થયા છે.

**સ્થળ : એ.જી. ટીચર્સ કોલેજ કોન્ફરન્સ રૂમ એમ.જી. સાયન્સ કોલેજ સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.**

**તારીખ : શનિવાર, જાન્યુઆરી ૩૦, ૨૦૧૬**

**બપોરે : ૨-૩૦ કલાકે**

**રજીસ્ટ્રેશન ફક્ત : વોટ્સએપ - એસ.એમ.એસ. દ્વારા ૯૧૫૭૧ ૫૮૦૫૧**

**પ્રવેશ ફી : રૂા. ૫૦ (સાથે હાઉસી કુપન ફ્રી)**

**ખાસ નોંધ :**

(૧) આ સાથે હાઉસી અને બીજા આકર્ષણો પણ રાખેલ છે.

(૨) કાર્યક્રમની પુર્ણાહુતિ અલ્પાહાર સાથે કરવામાં આવશે.

## સંગીત સંધ્યા

અમદાવાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત એસ.એચ. ખારાવાલા અને એ. જી. હાઈસ્કૂલનું પટાંગણ સંગીતના કાર્યક્રમો માટે આપણા મંડળને ખાસ અનુકુળ રહ્યું છે.

ફરી એકવાર શિયાળાની વિદાય થાય એ પહેલા, આવો આપણે સૌ સાથે મળી ગીત સંગીતની મહેફીલ માણીએ.

કાર્યક્રમનું સમગ્ર સંચાલન આપણા જ મંડળના ઉભરતા કલાકાર **''મોર બની થનગાટ કરે'' ફેઈમ શ્રી સાગર શાહ કરશે. સાથે મંડળના પરિવાર**ના કલાકારો પણ જોડાશે. તો સંગીતની આ મહેફીલમાં જોડાવવા સૌને હાર્દિક આમંત્રણ છે.

**સ્થળ :**

**એસ. એચ. ખારાવાલા સ્કૂલ પટાંગણ**

**દાદા સાહેબના પગલા, નવરંગપુરા,**


**અમદાવાદ-૩૮૦૦૦૯.**

**તારીખ :**

**મંગળવાર, ૨૬ જાન્યુઆરી ૨૦૧૬**

કાર્યક્રમ માટે કોઈ પ્રવેશ ફી નથી. નાસ્તાના કાઉન્ટરની વ્યવસ્થા રાખવામાં આવી છે.

ખાસ આકર્ષણ રૂપે વિવિધ પ્રકારના ઈનામો રાખવામાં આવ્યા છે. જેનું સંચાલન લોકપ્રિય બેલડી ડૉ. પ્રણવ શાહ અને દેવર્ષ શાહ કરશે.



# વર્તમાન સમયમાં સામાન્ય જૈન શ્રાવક-શ્રાવિકાને મુંઝવતા પ્રશ્નો

૧. ભગવાન મહાવીર સ્વામીના ચિંધેલ માર્ગે ચાલવાની તીવ્ર ઈચ્છા પ્રત્યેક જૈનને હોય છે. પરંતુ અલગ અલગ પંથ અને વિચારસરણી ક્યાં તો તેમને ધર્મથી વિમુખ કરી દે છે. ક્યાં તો એકાંતે જે પ્રવાહ નજીક હોય તેમાં તણાઈ જાય છે. અને પોતાની વિવેકબુદ્ધિને કે તટસ્થભાવને સાવ કોરાણે મુકી દે છે.

૨. જગતમાં ૭૫૦ કરોડથી વધારે જનસંખ્યામાં આપણે માંડ ૭૫ લાખ એટલે કે ૦૧.ટકા પરંતુ આપણો જૈન ધર્મ કદાચ સૌથી વધારે વૈજ્ઞાનિક, તર્કબદ્ધ, પ્રમાણભૂત અને વર્તમાનકાળમાં વિશેષ રીતે પ્રસ્તુત અને માનવકલ્યાણકારી છે. છતાં આટલા બધા ભેદ અને પેટાભેદને કારણે આપણે વિશ્વના ક્ષેત્રે આપણી પ્રતિભા અને સામર્થ્યને સ્થાપિત કરી શક્યા નથી. એટલું જ નહી એની સ્વિકૃતિ પણ નગણ્ય છે.

૩. સાવ નજીકના સંદર્ભમાં જોઈએ તો જૈન સાધર્મિકની શારીરિક સુખાકારી, શિક્ષણ અને ભરણપોષણ પણ એક રીતે ગંભીર પ્રશ્નો છે. એકબાજુ સંપત્તિ અને સમૃદ્ધિ છલકાય છે. અને બીજી બાજુ આપણાં જ ભાઈબહેનો યાચકની દશામાં જીવી રહ્યાં છે.

૪. અઢાર પાપસ્થાનકને રોજ યાદ કરીને ક્ષમાપન માંગતા હોવા છતા આપણામાંના જ કેટલાક તત્વો ઈર્ષ્યા, ઘમંડ, અભિમાન, અદેખાઈ અને અસત્યમાં દોરવાઈને આપણાં જ ધર્મની જાહેરમાં અવહેલના કરી રહ્યા છે, હાંસીપાત્ર બનાવી રહ્યા છે. છાપા અને મેગેઝીનોમાં જાહેરાત, નનામા પત્રો, પોલીસ ફરીયાદ, કોર્ટ મુકદમા, ટીવી સમાચાર દ્વારા એક બીજા ઉપર કાદવ ઉછાળી રહ્યા છે. હલકા પાડી રહ્યા છે અને બદનામ કરી રહ્યા છે. આખી પ્રક્રિયામાં સરવાળે તો મહાવીર પ્રભુના શાસન અને અનુશાસનને જ કલંક લાગી રહ્યું છે.

૫. પ્રભાવના, વરસીદાન, સંઘ સ્વામિવાત્સલ્ય જેવી મૂળભૂત રીતે ઉચ્ચભાવના વાળી પરંપરામાં વિવેક ભૂલાતો જાયછે આવા પ્રસંગોએ જે રીતે સ્વાર્થવૃત્તિ અને દિનતા નજરે પડે છે તે જોઈ જૈન અને જૈનેતર પણ આપણે જાણે અસંસ્કૃત અને પછાત હોઈએ તેવો ભાવ ધરાવતા થઈ જાય છે.

૬. જે પ્રકારના પવિત્ર ભાવો અને અનુમોદના ભક્તિ દીક્ષા પ્રસંગે ઉભરી ઓ છે એ ભાવો પછ ીઅચાનક જ સાધુ સાધ્વી ભગવંતોની જરૂરિયાત વખતે લગભગ લુપ્ત થઈ જાય છે. વર્તમાન સમયમાં સાધ્વી ભગવંતોની સલામતિ, સ્થિરતા અને ચારિત્ર પોષણની ખુબ જરૂરિયાત છે. વ્યક્તિગત ઉપાશ્રય બંધાય છે તેના મૂળ કારણો તપાસવાની ખાસ જરૂર છે.

૭. ઘણી જગ્યાએ સંઘનો વહીવટ અંગત પેઢીની માફક ચાલે છે. રોકડમાં પૈસાની લેવડદેવડ, ચઢાવાનો અતિરેક, બિનસલામત રોકાણ જેવા પ્રશ્નો ક્યારેક વેરઝેર અને ખટરાગનું કારણ બને છે. વહીવટદારોની લાયકાત અને પ્રતિષ્ઠા પ્રત્યે વિશેષ ધ્યાન આપવાની જરૂર છે.

૮. કોઈપણ પંથ કે માન્યતા સ્વીકારી હોય, છતાં જૈન સાધુ તો હંમેશા પવિત્ર અને પૂજનીય છે એવું પ્રત્યેક જૈને માનવું જોઈએ. ફક્ત પંથભેદના કારણે સાધુ અસ્વિકાર્ય, અપૂજનીય કે તિરસ્કારનો ભોગ ન બને તે જરૂરી છે.

૯. એકેન્દ્રીય, બેઈન્દ્રીય અને વાઉકાય કે તેઉકાયના જીવોની રક્ષા કરવામાં જ આખો ધર્મ આવી જાય છે એવો કટ્ટરવાદ છોડવા બધાને સમજાવવું જોઈએ. પંચેન્દ્રિય જીવો પ્રત્યે માન, કરૂણા, સ્નેહભાવ અને આદર નહીં રાખીએ તો ખરો ધર્મ કોરાણે મુકાઈ જશે. જે સહેલું છે તે કરવું છે, જે કઠીન છે, જેમાં સ્વાર્થ અને અભિમાન છોડવાનું છે તે તરફ ધ્યાન આપવું નથી. આવી બેધારી માન્યતાએ ઘણા ઘરોમાં કંકાસ અને ઝગડાનું મુળ રોપેલ છે. ધર્મ પાલન કે એના માટેનો આગ્રહ ક્યારેય વિખવાદનું કારણ ન જ બનવું જોઈએ.

SHRI JAIN VISHA SHRIMALI 108 GOL YUVAK MANDAL, AHMEDABAD

ACADEMIC RESULTS 2014-15

| Std. | Sr. No Rank | NAME OF THE STUDENT | FATHER'S NAME | NATIVE | MARKS OBTAINED | TOTAL MARKS | % TAGE |
|---|---|---|---|---|---|---|---|
| 3 | 1 | Esha | Yatinkumar Champaklal Shah | Linch | 766 | 800 | 95.750 |
| | 2 | Slesha | Ashish P Shah | Chanasma | 666 | 800 | 83.250 |
| | 3 | Misty | Tejas Mahendrabhai Shah | Karjisan | 577 | 700 | 82.429 |
| 4 | 1 | Vishrut | Nareshbhai Sevantilal Shah | Ranunj | 98.86 | 100 | 98.86 |
| | 2 | Yash | Manishkumar Madhavlal Shah | Dhinoj | 687 | 700 | 98.14 |
| | 3 | Prashil | Parag Pravinbhai Shah | Moti Dau | 95 | 100 | 95.00 |
| | 3 | Preet | Rajesh M Shah | Chanasma | 95 | 100 | 95.00 |
| 5 | 1 | Moksh | Nimeshkumar Amrutlal Shah | Dholasan | 1249 | 1300 | 96.08 |
| | 2 | Roosh | Rupeshkumar M Shah | Chanasma | | | A+ |
| | 3 | Kshitij | Vipul Pravinkumar Shah | Ranunj | 528.05 | 600 | 88.01 |
| | 3 | Namit | Chetankumar Jagdishbhai Shah | Kantharavi | 696 | 800 | 87.00 |
| 6 | 1 | Dhrumi | Dipak Sevantilal Shah | Ranunj | 1320 | 1400 | 94.29 |
| | 2 | Nishi | Sanatbhai Gordhandas Shah | Langhanaj | 1294 | 1400 | 92.43 |
| | 3 | Jiya | Pareshbhai Champaklal Shah | Rasham | 1412 | 1600 | 88.25 |
| 7 | 1 | Aangi | Dhaval Mahendrabhai Shah | Amabasan | 616.5 | 700 | 88.07 |
| | 2 | Akshat | Mohit Vinodchandra Shah | Linch | | | 81.20 |
| | 3 | Krishma | Ankitkumar Pramodbhai Shah | Karannagar | 1052 | 1300 | 80.92 |
| | 3 | Harnil | Aashish P Shah | Chanasma | | | A |
| 8 | 1 | Hetvi | Yatinkumar Champaklal Shah | Linch | 1330 | 1400 | 95.00 |
| | 2 | Aryan | Vimalbhai Manubhai Shah | Linch | 1291 | 1400 | 92.21 |
| | 3 | DHRUVI | SHAH VIJAYKUMAR ROHITKUMAR | RANUJ | 737 | 800 | 92.13 |
| 9 | 1 | Bhavya | Rajeshbhai M Shah | Chanasma | 606 | 700 | 86.57 |
| | 2 | Priya | Dipak Sevantilal Shah | Ranunj | 602 | 700 | 86.00 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | 3 | Harsh | Nimesh Vijaykumar Shah | Panchot | 598 | 700 | 85.43 |
| | 3 | Jaini | Pareshkumar Champaklal Shah | Rasham | 598 | 700 | 85.43 |
| 10 | 1 | Anuj | Paresh Mahendrabhai Shah | Ambasan | 540 | 600 | 90.00 |
| | 2 | Parth | ManojVrajlal Shah | Kantharavi | 523 | 600 | 87.17 |
| | 3 | Vatsal | Piyush Motilal Shah | Nandasan | 509 | 600 | 84.83 |
| 12 SCIENCE | 1 | Preksha | Kamleshkumar Natvarlal Shah | Vadavali | 624 | 700 | 89.14 |
| | 2 | Parth | Shashikant Rasiklal Shah | Sander | 533 | 650 | 82.00 |
| | 3 | Aakash | Hemantkumar Keshavlal Mehta | Linch | 476 | 650 | 73.23 |
| 12 COMMERCE | 1 | Suketu | Yatinkumar Vrajlal Shah | Chanasma | 606 | 700 | 86.57 |
| | 2 | Sonali | Priyeshbhai Ramanlal Mehta | Mehsana | 649 | 750 | 86.53 |
| | 3 | Shashvat | Yatishkumar Surajmal | Chanasma | 631 | 750 | 84.13 |
| B.COM | 1 | Khushbu | Kamleshkumar Kantilal Shah | Sabarmati | | CGPA | 6.60 |
| | 2 | Yesha | Yatishkumar Surajmal | Chanasma | | CGPA | 6.37 |
| B.Sc. | 1 | Dhruvit | Nikunjkumar Champaklal Shah | Suraj | | GPA | 3.16 |
| B.C.A | 1 | Harsh | Rakesh Ashwinbhai Shah | Khadda | | CGPA | 35.03 |
| B.B.A. | 1 | Ruchita | Sanjaybhai Rasiklal Shah | Linch | | GPA | 3.40 |
| | 2 | Yash | Vikrambhai | Linch | | GPA | 2.37 |
| M.Com | 1 | Siddhi | Rameshchandra Babulal Shah | Linch | | CGPA | 7.21 |
| | 2 | Snehi | Rajendrakumar Punamchand Mehta | Mehsana | | CGPA | 6.43 |
| | 3 | Khushbu | Bharatbhai | Modhera | | CGPA | 5.64 |
| | 4 | Heta | Shashikant Rasiklal Shah | Sander | | CGPA | |
| Master of Surgery | 1 | Dr. Harshil | Minal Jaysukhlal Shah | Dholasan | | | |
| Civil ENG | 1 | Falak | Dharmendrabhai Jivanlal Shah | Saldi | | | |
| | 2 | Sahil | Dharmendrabhai Jivanlal Shah | Saldi | | | |
| | 3 | Devarsh | Nitinkumar Kantilal Shah | Gambhu | | | |
| Mech. Eng. | 1 | Parth | Urmishkumar Sevantilal Shah | Lanva | | | |

## SHRI JAIN VISHA SHRIMALI 108 GOL YUVAK MANDAL, AHMEDABAD
## ACADEMIC RESULTS 2014-15

| Std. | Sr. No | NAME OF THE STUDENT | FATHER'S NAME | NATIVE | MARKS OBTAINED | TOTAL MARKS | % TAGE |
|---|---|---|---|---|---|---|---|
| 3 | 1 | Khushi | Rakeshkumar Rameshchandra | Modhera | 378 | 500 | 75.600 |
| | 2 | Dhruvil | Jignesh Kumarpal Mehta | Navli | 616 | 800 | 77.000 |
| 4 | 1 | Rutvi | Pradipkumar Maneklal Shah | Brahmanwada | 833 | 900 | 92.56 |
| | 2 | Rishit | Brijeshkumar Champaklal Shah | Linch | 1265 | 1400 | 90.36 |
| | 3 | Mohit | Kalpeshkumar Rasiklal Shah | Lanva | 489 | 600 | 81.50 |
| 7 | 1 | Het | Rakeshbhai Rameshchandra Shah | Modhera | 431 | 600 | 71.83 |
| 8 | 1 | Nikharva | Vipul Pravinbhai Shah | Ranunj | 644 | 700 | 92.00 |
| | 2 | Hetvi | Rupal Dilipkumar Mehta | Chhathiyarda | 1458 | 1600 | 91.13 |
| | 3 | Rnki | Priyeshbhai Ramanlal Mehta | Mahesana | 608 | 700 | 86.86 |
| | 4 | Yash | Jitendrakumar Maneklal Shah | Brahmanwada | 1388 | 1700 | 81.65 |
| 9 | 1 | Zeel | Kamlesh Kirtikumar Shah | Chanasma | 584 | 700 | 83.43 |
| | 2 | Yomil | Parag Pravinchandra Shah | Moti Dau | | | 8.30 |
| | 3 | Yashvi | Jignesh Kumarpal Mehta | Navli | 524 | 700 | 74.86 |
| | 4 | Khushi | Manishkumar Madhavlal Shah | Dhinoj | 507 | 700 | 72.43 |
| 10 | 1 | Jainam | Bharatbhai Hargovandas Shah | Modhera | 500 | 600 | 83.33 |
| | 2 | Esha | Rakesh Ashwinbhai Shah | Khadda | 492 | 600 | 82.00 |
| | 3 | Moksh | Dhaneshkumar Jaysukhlal Shah | Dholasan | 430 | 600 | 71.67 |
| 12 SCIENCE | 1 | Parth | Shashikant Rasiklal Shah | Sander | 533 | 650 | 82.00 |
| | 2 | Aakash | Hemantkumar Keshavlal Mehta | Linch | 476 | 650 | 73.23 |
| | 3 | Preksha | Kamleshkumar Natvarlal Shah | Vadavali | 624 | 700 | 89.14 |
| 12 COMMERCE | 1 | Dhruvi | Chandresh kumar babulal Shah | Chanasma | 570 | 750 | 76.00 |

| | Donation | | Occasion | Rs. |
|---|---|---|---|---|
| 1 | Shri Parsottamdas Vadilal Shah | Linch<br>Vadilal Shah | In the memory of late Shri Parsottamdas | 5000 |
| 2 | Shri Harshadkumar Babulal Shah | Lanva | Engagement of Son Tiraj | 511 |
| 3 | Shri Ashokbhai Bhogilal Shah | Chhathiyarda | House warming -Inauguration of New House | 501 |
| 4 | Shashikantbhai Rasiklal Shah | Sander<br>(Keliyavasna) | Marriage of Binal with Palak Janakkumar | 500 |
| 5 | Janakkumar Amrutlal Shah | Keliyavasna | Marriage of Palak with Binal Shahshikantbhai | 500 |
| | | (Sander) | | |
| 6 | Kalpeshkumar Bachubhai Shah | Dholasan | Marriage of daughter Prekhsha | 1000 |
| 7 | Narendrabhai parshottamdas Shah | Linch | Marriage of Dipali with Krushangkumar | 2500 |
| | | Mukeshbhai | | |

NEW MEMBERS ARE WELCOME TO 108 MANDAL

| No. | New members | Native |
|---|---|---|
| 1 | Fenilkumar Govindbhai Shah<br>42/A, Bansidhar Society, Bh. Jawaharnagar,<br>Vasna, Ahmedabad: 380007<br>M 9724685544 | Lanva |
| 2 | Vikram Jashwantlal Shah<br>B/1, Mahavir Flats, Nr. Jain nagar,<br>Kabir Chowk, Sabarmati, Ahmedabad: 380005<br>M 9409237714 | Chanasma |
| 3 | Yogesh Mahasukhlal Shah<br>B/1, Mahavir Flats, Nr. Jain nagar,<br>Kabir Chowk, Sabarmati, Ahmedabad: 380005<br>M 9825411372 | Chanasma |
| 4 | Sanjay Jashwantlal Shah<br>B/1, Mahavir Flats, Nr. Jain nagar,<br>Kabir Chowk, Sabarmati: 380005<br>M 9327048713 | Chanasma |
| 5 | Jayesh Ashokkumar Shah<br>38/B, Virnagar Society, Nr. Kiran Park, Navavadaj,<br>Ahmedabad: 380013<br>Phone No: 9375972695 | Chanasma |
| 6 | Dr. Mehul Dipakkumar Shah<br>E-302, Sahaj Cepience, Opp. Vaishali Township,<br>Guptanagar Char rasta, Vasna, Ahmedabad: 380055<br>Phone: 9428958144, 8427475573 | Sander |
| 7 | Hiren Dipakkumar Shah<br>E-302, Sahaj Cepience, Opp. Vaishali Township,<br>Guptanagar Char rasta, Vasna, Ahmedabad: 380055<br>Phone: 9428386906, 9974939203 | Sander |
| 8 | Pratikbhai Sevantilal Shah<br>A-93, Ekta Tower, Opp. Swastik Flats,<br>Narayannagar Road, Vasna, Ahmedabad: 380007 | Harij |
| 9 | Yatinkumar Vrajlal Shah<br>Flat No. 1,2, Sangita Society, Nr. Chaitanya Society,<br>Nr. Lakhudi Talav Circle, Sadium, Navrangpura,<br>Ahmedabad: 380009 | Chanasma |
| 10 | Paras Nitinkumar Maniar<br>1, Shiv Flats, 273, Kadamnagar,<br>Nr. Tiwari Hospital, Nizampura, Vadodara: 2<br>M: 9824088540 | Mehsana |
| 11 | Hirenbhai Jaysukhlal Shah<br>A/2/204, , Sarvamangal Residency, Nr. Sabarnati<br>College, Fire Station, Ramnagar, Sabarmati,<br>Ahmedabad: 380005 | Dholasan |